- If such methods are used consistently, further improvement in the understanding and results of the students is possible.

Study of the effectiveness of teaching through **continuous teaching method** and **educational equipment in different** subject in different standard.



# વિષય : વિદ્યાર્થીઓના શિસ્ત સંબધિત પ્રશ્નો

**નિર્સગકુમાર બી. પ્રજાપતિ**
સ્પોર્ટ્સ શિક્ષક

❖ **પ્રસ્તાવના :** રાષ્ટ્રનું ભાવિ તેના વર્ગખંડોમાં ઘડાય રહયું છે.જો આ વિધાનને સાર્થક કરવું હોય તો શાળાના શિક્ષકોએ તેમના વર્ગખંડોની સમસ્યાઓ અંગે જાગૃત થઇ આદર્શ નાગરિક બને તે માટે અભ્યાસ સાથે શિસ્ત પણ પોતાના જીવન વ્યવહારમાં અપનાવી સુસજ્જ વ્યકિત બને એ જરૂરી છે.શિસ્તની સમસ્યા વૈજ્ઞાનિક ઢબે ઉકેલવી જોઇએ.

❖ **શબ્દોનું અર્થઘટન :**

શિસ્ત શબ્દનો અર્થ : શિસ્ત એટલે નિયમ –કાયદા ,નિયંત્રણ,સંયમ અને સદાચારનું પાલન કરવું સરળ શબ્દોમાં કહીએ તો યોગ્ય વર્તન માટેના નિયમોનું પાલન કરવું એ શિસ્ત કહેવાય.

❖ **સમસ્યા ઓળખ :** વિદ્યાર્થીઓ માટે શિસ્તનો અર્થ માત્ર શિક્ષકોના કહયા પ્રમાણે વર્તવું નથી,પણ તે જીવનભર સારી આદતો વિકસાવવા માટેનો અભ્યાસ છે.સમયસર હોમવર્ક પૂર્ણ કરવું,શાળાના નિયમોનું પાલન કરવું,વર્ગખંડમાં ધ્યાન આપવું,પરસ્પર સન્માન રાખવું,સ્વચ્છતા જાળવવી-આ બાબતો શિસ્તના ભાગરૂપે છે.

❖ **વિષય પસંદગી :** શાળામા શૈક્ષણિક વાતાવરણનું મહત્ત્વ :- શિક્ષણ અસરકારક બને તે માટે અનુકૂળ વાતાવરણની જરૂર છે.તે માટે વિદ્યાર્થીઓમાં શિસ્ત અનિવાર્ય છે.સર્વાંગી વિકાસ માટે જરૂરી શિસ્ત વગર વિદ્યાર્થીનું શૈક્ષણિક ,સામાજીક અને નૈતિક વિકાસ અધૂરો રહી જાય છે.



❖ **સંશોધન માટે કયા નમૂના પસંદ કર્યા.**

૧. પ્રશ્નાવલિ

૨. વિદ્યાર્થીઓનું વાણી વર્તન

૩. વિદ્યાર્થીઓની જૂથ ચર્ચા

૪. વિદ્યાર્થીઓના મુખ્ય પ્રશ્નો અને તેમના વિચારોની ચર્ચા.

❖ **વિદ્યાર્થીઓમાં અશિસ્ત થવાના કારણો :-**

- માતા પિતાના યોગ્ય સંસ્કાર અને માર્ગદર્શન ન મળવું.
- શાળામાં શિસ્ત જાળવવા યોગ્ય વાતાવરણ ન હોવું
- વિદ્યાર્થીની ક્ષમતા પ્રમાણે કામ ન આપવું.
- મિત્રમંડળમાં નકારાત્મક સંગતિ.
- અભ્યાસમાં રસ ન હોવો કે અસમર્થતા

**વ્યકિત એટલે વ્યકિતના વિચારો, લાગણીઓ, વલણો, અને વર્તનનો સમન્વય તથા પ્રમાણમાં સ્થિર સમૂહ જે વ્યકિતની અન્યોથી અલગ ઓળખ આપે છે.**

❖ **ઉત્કલ્પનાની રચના :-**

- જો વિદ્યાર્થી શિસ્તબધ્ધ રહેશે તો તે અભ્યાસમાં વધુ સફળતા મેળવી શકશે.
- જો વિદ્યાર્થીઓ શિસ્ત જાળવશે તો વિદ્યાર્થીમાં સમય પાબંદી અને જવાબદારીની ભાવના વિકસે છે.
- જો વિદ્યાર્થીઓ વાણી વર્તનમાં શિસ્તબદ્ધ થશે તો તેઓ શિક્ષકો અને મિત્રોમાં વધું લોકપ્રિય બને છે.

❖ **પરિણામો :**

- શિસ્તથી વર્ગખંડનું વાતાવરણ શાંત ,આનંદદાયક અને અભ્યાસ માટે યોગ્ય બન્યું
- શિસ્ત જાળવવાથી વિદ્યાર્થીઓમાં સ્વનિયંત્રણ અને આત્મવિશ્વાસ વધે છે.
- પારિતોષિક પદ્ધતિ શિસ્ત જાળવવામાં દંડ કરતાં વધુ અસરકારક છે.
- ઘરગથ્થું શિસ્તનું પાલન કરનાર બાળકો શાળામાં પણ શિસ્તબદ્ધ રહેવાની સંભાવના વધારે છે.

**ઊંચુ જીવન, દિશા, દ્રષ્ટિ વ્યકિતને અન્યોથી અલગ ઓળખ આપે છે.**